સુખની આખી
અનુક્રમણિકા, અંદર
દુઃખનાં પ્રકરણ...
તમે જીંદગી વાંચી છે, વાંચો
તો પડશે સમજણ...
- અવિનાસ વ્યાસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૯ | ૧૨ નવેમ્બર, ૨૦૧૪, બુધવાર ; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગૃહમાં કપાસના ભાવ મામલે ધાંધલ-ધમાલ

## પ્લેકાર્ડ સાથે દેખાવ કરી અધ્યક્ષની વેલ સુધી ધસી જનાર કોંગ્રેસના કુલ ૫૪ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભાના બે દિવસના ટૂંકા સત્રના આજે અંતિમ દિવસે કપાસ અને મગફળીનો ટેકાના ભાવના મુદ્દે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ ગૃહમાં ભારે ધાંધલ ધમાલ મચાવતા અને પ્લેકાર્ડ સાથે દેખાવ કરી વેલ સુધી ધસી જતાં ગૃહના અધ્યક્ષ ગણપત વસાવાએ કોંગ્રેસના ૫૪ ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા હતા. જ્યારે વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા તથા અન્ય ધારાસભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી રહ્યા હતા. વિધાનસભા ગૃહમાં સવારની કામગીરી દરમ્યાન કોંગ્રેસના સભ્ય રાઘવજીભાઈ પટેલ કપાસના ટેકાના ભાવનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે અધ્યક્ષે આ અંગે ચર્ચાની મંજુરી નહીં આપતા મામલો બિચક્યો હતો અને આક્રમક તૈયારી સાથે આવેલા કોંગ્રેસના સભ્યોએ આ મુદ્દે અભૂતપૂર્વ ધાંધલ ધમાલ કરી ગૃહનું કામકાજ ખોરવી નાખ્યું હતું. કોંગ્રેસ અને ભાજપના સભ્યોના સામસામે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો તેમજ ભારે શોરબકોરથી ગૃહમાં એવી અરાજકતા ફેલાઈ હતી કે કોણ શું બોલે છે તે પણ સંભળાતું ન હતું, તેટલું જ નહીં પરંતુ ગૃહનું સંચાલન કરવું પણ અધ્યક્ષ માટે મુશ્કેલ બની જતાં ગણપત વસાવાએ કોંગ્રેસના ધમાલીયા ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા હતા. અને માર્શલને વેલ સુધી ધસી આવેલા તમામ ૫૪ ધારાસભ્યોને ગૃહમાંથી બહાર હાંકી કાઢવા આદેશ કર્યા હતા. ગૃહમાંથી સસ્પેન્ડ થયેલા તથા સભા ત્યાગ કરીને લોબીમાં આવેલા ધારાસભ્યોએ સરકાર વિરૂદ્ધ ભારે સુત્રોચ્ચાર કરી વિધાનસભા ગજવી મુકી હતી. ત્યારબાદ કોંગ્રેસના ધારાસભ્યોની ગેરહાજરીમાં વિધાનસભામાં હાથ ધરાયેલી કાર્યવાહીમાં શાસક પક્ષે ત્રણ મહત્વના બીલો ઝડપભેર પસાર કરી વિધાનસભાની અંતિમ દિવસની કાર્યવાહી પૂર્ણ કરી હતી. દરમ્યાન ગઈકાલે પણ કોંગ્રેસના સભ્યોએ કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહમાં ચર્ચા કરવાની માંગણી કરી હતી. પરંતુ સરકાર તરફથી આ અંગે ઘટતું કરવાની ખાતરી અપાઈ હતી અને રાજ્ય સરકારે કપાસ ખરીદીના કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમ છતાં કોંગ્રેસના સભ્યોએ સરકારના આ

● અનુસંધાન પાના - ૭ પર



મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ગુજરાત રાજ્યના પાંચ સંસદીય સચિવોને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલના નર્મદા ખંડમાં યોજાયેલા આ શપથવિધિ સમારોહમાં સર્વશ્રી વાસણભાઈ આહિર, રણછોડભાઈ દેસાઈ, ભરતસિંહજી ડાભી, શામજીભાઈ ચૌહાણ અને જેઠાભાઈ સોલંકીએ ઈશ્વરના નામે શપથ ગ્રહણ કર્યા હતા.

# ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓવાળી શાળાઓના અપગ્રેડેશન માટે એક્શન પ્લાન

## શૈક્ષણિક ગુણવત્તા સુધારવાની સાથે સાથે ભૌતિક સુવિધાઓથી પ્રાથમિક શાળાઓને સુસજ્જ કરવા રાજ્ય સરકારે કમરકસી છે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં જ્યાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હશે તેવી શાળાઓના અપગ્રેડેશન માટે રાજ્ય સરકારે એક રોડ મેપ તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

શૈક્ષણિક ગુણવત્તા સુધારણાની સાથે સાથે ભૌતિક સુવિધાઓથી પણ પ્રાથમિક શાળાઓ સુસજ્જ બને એટલુ જ નહિ પણ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ સાથે સ્પર્ધા કરી શકે તેવુ વાતાવરણ તૈયાર કરવા માટે સરકારે કમર કસી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્ય સરકારે આ માટે દરેક જિલ્લાને આવી શાળાઓની સંખ્યા, ત્યાં ખુટતી કડીઓ અને અપગ્રેડેશન માટેની કાર્યયોજના તૈયાર કરી આ માસના અંત સુધીમાં મોકલી આપવા જણાવાયું છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્ય સરકાર અપગ્રેડેશન માટેના અંદાજો મળી ગયા બાદ ભારત સરકાર પાસે પણ નાણાંકીય સહાયની માંગણી કરશે.

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં નામાંકન વધે તે માટે પ્રવેશોત્સવ અને ગુણવત્તાસભરની ખૂટતી કડીઓને જોડવા માટે ગુણોત્સવ જેવા કાર્યક્રમો અમલમાં મુકાયા બાદ હવે શાળાઓના અપગ્રેડેશનનો અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે દરેક જિલ્લામાંથી ૫૦૦ થી વધુ સંખ્યા ધરાવતી શાળાઓના અપગ્રેડેશન માટે હાલ તો ત્રણ વર્ષની કાર્યયોજના તૈયાર કરવાનું વિચારાયું છે. કેટલાક ગામોમાં આ સંખ્યા હશે પણ ત્યાં જમીનની ઉપલબ્ધિ સહિતના પ્રશ્નો પણ હશે તેથી વિગતવાર અહેવાલ આપવા સરકારે સૂચવ્યું છે. જમીનની ઉપલબ્ધિ, જરૂરિયાત સહિતના મુદ્દાઓ આ અહેવાલમાં જણાવવાના રહેશે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કેન્દ્ર દ્વારા સતત અન્યાય થતો હોવાની રજુઆતો કરાયા બાદ હવે સરકારે અપગ્રેડેશન માટે અલાયદુ ફંડ માંગવાનો નિર્ણય કરેલ છે. આ માટે રાજ્ય સરકાર બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી અને કેન્દ્રમાંથી નાણાં મળ્યા બાદ રાજ્ય સરકાર પણ તે પ્રમાણમાં નાણાં ફાળવણીમાં આગળ વધશે તેમ જાણવા મળેલ છે.

રાજ્યમાં પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોને સારો પ્રતિસાદ સાંપડ્યો છે એટલુ જ નહિ તેના સારા પરિણામો પણ મળ્યા છે. હવે કેન્દ્ર સરકારે શિક્ષણ ફરજીયાતનો કાયદો અમલી બનાવ્યો છે ત્યારે શાળાઓના અપગ્રેડેશનની પણ જરૂરિયાત ઉભી થઈ છે.

રાજ્યના ઘણા બધા જિલ્લાઓમાં જુની પુરાણી તેમજ જર્જરિત શાળાઓ પણ છે. રાજ્ય સરકારે આમ તો આવી કવાયત જ્ઞાન સપ્તાહની ઉજવણી દરમ્યાન પણ કરી હતી પરંતુ વધુ સારૂ પરિણામ પ્રાપ્ત થઈ શકે તે માટે અપગ્રેડેશનનો નવતર અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે. એક-બે વર્ગખંડોને બદલે સમગ્ર સંકુલ જ નવુ બનતાં વાતાવરણમાં બદલાવ આવશે તેમ મનાઈ રહ્યું છે.

# મહિલાઓ પર અત્યાચારમાં ગાંધીનગર ચોથા ક્રમે...!

## મહિલા હેલ્પલાઈન અભયમ્‌નો ગાંધીનગરની ૪૪૭ મહિલાઓએ લાભ લીધો...!! : રાજયભરમાંથી આઠ મહિનામાં ૧૦ હજાર કૉલ મળ્યા : સૌથી વધુ કૉલ ડોમેસ્ટીક વાયોલન્સનાં હતાં

ગાંધીનગર, તા.૧૧

રાજયભરમાં મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે શરુ કરવામાં આવેલી મહિલા હેલ્પ લાઈન ૧૮૧ અભયમ્ ને આઠ મહિનામાં રાજયભરમાંથી ૧૦ હજારથી વધુ ફોન કોલ્સ મળ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાની ૪૪૭ મહિલાઓ એ પણ આ સેવાનો લાભ લીધો છે. નોંધનીય બાબત એ છે કે સૌથી વધુ કોલ ડોમેસ્ટીક વાયોલન્સ રીલેટેડ મળ્યા છે. રાજયમાંથી અમદાવાદની ૩૭૯૮ મહિલાઓ એ આ સેવાનો લાભ લીધો છે. જયારે મહિલા અત્યાચારમાં ગાંધીનગર ચોથા ક્રમે આવે છે.

ડોમેસ્ટીક વાયોલન્સ, શારિરીક છેડતી, મારામારી સહિતનાં વિવિધ મહિલાઓ પરના અત્યાચાર તથા અન્ય મહિલા સંબંધીત પ્રશ્નોને નિરાકરણ માટે શરૂ થયેલી મહિલા હેલ્પલાઈનને આઠેક મહિના થઈ ગયા છે. ફેબ્રુઆરીથી અત્યાર સુધી રાજયભરમાંથી ૧૦,૩૬૬ મહિલાઓએ વિવિધ કારણોસર આ હેલ્પલાઈનનો લાભ લીધો છે. મહિલા પર અત્યાચારમાં અમદાવાદ પ્રથમ ક્રમે આવે છે.

અમદાવાદની ૩૭૯૮ મહિલાઓએ આ સેવાનો લાભ લીધો છે ત્યાર બાદબીજા ક્રમે સુરતની ૨૦૫૩ મહિલાઓ અને ત્રીજા ક્રમે વડોદરાની ૬૪૫ મહિલાઓએ આ હેલ્પલાઈનનો લાભ લીધો છે. ગાંધીનગર જિલ્લો મહિલાઓ પર અત્યાચારના કિસ્સામાં ચોથા ક્રમે આવે છે. આઠ મહિનામાં ગાંધીનગર જિલ્લાની ૪૪૭ મહિલાઓએ મહિલા હેલ્પલાઈનમાં કોલ કર્યા હોવાનું ધ્યાને આવ્યું છે. રાજયમાંથી મળેલા વિવિધ કોલ્સમાં સૌથી વધુ ૧૫ ટકા કોલ્સ ઘરેલુ હિંસા સંબંધીત હોવાનું જાણવા મળ્યું છે.


(તસવીર : દિપક જાની)

ગાંધીનગરની નવી ઓળખ : આ તસવીર ગાંધીનગરની નવી ઓળખનું સરનામું છે. ઘ-૪ના સર્કલ પર મધ્યબિંદુ પર ઉભા રહી અને વિધાનસભા સમક્ષ નજર કરીએ ત્યારે નિર્માણ થતું દ્રશ્ય આ તસવીરમાં ઝીલાયું છે. સ્વર્ણિમ પાર્ક ઘ-૪થી ચ-૪ના વિસ્તારમાં જે ઝડપે તૈયાર થઈ રહ્યું છે તેનાથી નગરની સુંદરતામાં ઓર વધારો થશે અને હવે, ગાંધીનગર વધુ રૂપાળું લાગશે... વધુ હરિયાળું લાગશે...

# રાજ્યમાં ૨.૮૦ કરોડના ખર્ચે બનાવાયેલ ૪૦ હજાર શૌચાલયો બિનઉપયોગી : કેગ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકાર દ્વારા વર્ષ-૨૦૦૮ થી ૨૦૧૩ સુધી ચલાવેલા સંપુર્ણ સ્વચ્છતા અભિયાનમાં શૌચાલયોની સુવિધાથી માંડીને શાળાઓ અને આંગણવાડીઓના શૌચાલયો માટે આડેધડ મોજણી કરવામાં આવતા સ્વચ્છતા અભિયાન ફ્લોપ પુરવાર થયું હોવાનો ઘટસ્ફોટ 'કેગ'ના અહેવાલમાં કરવામાં આવ્યો હતો.

ગુજરાતમાં નરેન્દ્ર મોદીના શાસન દરમ્યાન ૨૦૦૮ થી ૧૩ સુધી સંપુર્ણ સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. પરંતુ આ અભિયાન અંતર્ગત શૌચાલયની ખરેખર જરૂરીયાત માટેનો પ્લાન મોજણી કર્યા વગર જ બનાવવામાં આવ્યો હતો. ઉતરતી કક્ષાના શૌચાલય માળખા કે શૌષ ખાડા ન બનાવવાને કારણે રૂ. ૨.૮૦ કરોડનો ખર્ચ બંધાયેલા શૌચાલયો બિન ઉપયોગી બની ગયા હતા.

માર્ચ-૨૦૧૨ સુધીમાં ૪૦,૪૩૯ શાળા શૌચાલયોના લક્ષ્યાંક સામે માત્ર ૩૬,૪૩૮ જ પુર્ણ થયા હતા જેમાં જામનગર જિલ્લામાં માત્ર ૫૪ ટકા અને પોરબંદર જિલ્લામાં ૬૫ ટકા જ કામગીરી થઈ હતી.

વ્યક્તિગત રહેઠાણ શૌચાલયો માટે સ્વચ્છતા અભિયાન અંતર્ગત માત્ર ૪૬ ટકા જ કામગીરી થઈ હતી. રાજયની ૫૦૦૦ થી વધારે આંગણવાડી કેન્દ્રો સૌચાલય વગરના જ હતા.

સંપુર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત લોકોમાં જાગરૂકતા ફેલાવવા માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિઓ યોગ્ય રીતે કરવામાં આવી ન હોવાથી વાર્ષિક કાર્યકારી પ્લાનમાં નક્કી થયેલા લક્ષ્યાંકો સિદ્ધ થયા ન હતા. દેશભરમાં હાથથી મેલુ ઉપાડવાની મનાઈ હોવા છતાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના અહેવાલ મુજબ રાજયમાં હાથથી મેલુ ઉપાડવાના પણ કિસ્સાઓ નોંધાયા હતા.

'કેગ' ના અહેવાલમાં સૌથી ગંભીર બાબત એ નોંધવામાં આવી હતી કે સંપુર્ણ સ્વચ્છતા અભિયાનની યોજનાની દેખરેખ માટે ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવામાં આવી હતી. પરંતુ આ સમિતિ નિર્ધારિત સમયે મળતી ન હતી અને નમૂના તપાસ કરાયેલા કોઈ જ જિલ્લાઓમાં તાલુકા સ્વચ્છતા સમિતિઓ મળતી જ ન હતી. આ ઉપરાંત આ યોજનાનુ સામાજિક ઓડિટ તેમજ મુલ્યાંકન કરવામાં આવ્યુ ન હતુ. અંતમાં સ્વચ્છતા અભિયાન માટે વર્ષ-૨૦૦૮ થી ૨૦૧૩ દરમ્યાન ઉપલબ્ધ ભંડોળની સામે ૬૦ ટકા જેટલો પણ ખર્ચ કરવામાં આવ્યો ન હતો.














